સમગ્ર શિક્ષા
Samagra Shiksha

જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડિનેટરશ્રીની કચેરી, સમગ્ર શિક્ષા, જિલ્લા સેવા સદન - ૨
બીજો માળ, રૂમ નં - ૨૫ થી ૨૮ જોરાવર પેલેસ, પાલનપુર - બનાસકાંઠા
ઈમેઈલ: dpcbanaskantha@gmail.com
ph.No:-02742-259668 ,254639
TOLL FREE NO:-1800 233 3142

ક્રમાંક: સમગ્ર શિક્ષા/આઈઈડી/૨૦૨૬ તા. /૦૧/૨૦૨૬

પ્રતિ

1. આચાર્યશ્રી ,
   પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને અનુદાનિત શાળાઓ તમામ, જિ.બનાસકાંઠા
2. બી.આર.સી કો.ઓર્ડીનેટર તમામ, તા.તમામ, જિ. બનાસકાંઠા
3. સી.આર.સી કો.ઓર્ડીનેટર તમામ, તા.તમામ, જિ. બનાસકાંઠા
4. સ્પે.એજ્યુકેટર/ટીચર (IED/IEDSS) તમામ, તા.તમામ, જિ. બનાસકાંઠા
5. વોર્ડન કામ હેડ ટીચર(કે.જી.બી.વી) તમામ, તા.તમામ, જિ. બનાસકાંઠા

તા.તમામ જિ. બનાસકાંઠા

**વિષય:- "પ્રોજેક્ટ સમાવેશન" (Project Inclusion) ના અમલીકરણ બાબતે.**

સંદર્ભ:- સમગ્ર શિક્ષા/આઈઈડી/૨૦૨૫/૭૬૬૧૭-૬૯૦ તા.૨૨/૧૨/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષા અંતર્ગત દિવ્યાંગ બાળકોના સમાવેશન માટે વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રયાસો હાથ ધરવામાં આવે છે. જે બાળકોમાં શૈક્ષણિક વિકાસ અને કૌશલ્ય કેળવણી સાથેના સર્વાંગી વિકાસ માટેની નવીન પહેલ તરીકે શ્રી ઓરોબિંદો સોસાયટી-ન્યુ દિલ્હી સંસ્થાના સહયોગથી "પ્રોજેક્ટ સમાવેશન"(Project Inclusion) અમલીકૃત કરવામાં આવેલ છે.

**<u>પ્રોજેક્ટ સમાવેશનની રૂપરેખા :-</u>**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP)-2020માં દિવ્યાંગને પણ અન્ય બાળકની જેમ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાની સમાન તકો પુરી પાડવા સક્ષમ પદ્ધતિ રચવાના મહત્વને માન્ય રાખેલ છે. આ માટે શિક્ષકોએ વિધાર્થીઓની દિવ્યાંગતા અંગે વહેલી તકે ઓળખ કરવામાં ઉપયોગી નીવડે તે પ્રકારનું ખાસ આયોજન તેમજ તે માટેની વિશિષ્ટ પ્રકારની ટેકનીકલ પ્રક્રિયા અમલમાં મુકવી જોઈએ સૂચવેલ છે.

દિવ્યાંગજન અધિકાર અધિનિયમ (RPwD Act)-2016માં પણ દિવ્યાંગતા ધરાવતા બાળકોને સમાવેશી શિક્ષણ મળે તે માટેની વ્યવસ્થા કરવા જણાવેલ છે. દિવ્યાંગ બાળકોની પ્રતિભા અને કુશળતાને અનુરૂપ યોગ્ય અધ્યાપન પદ્ધતિ, શૈક્ષણિક પ્રવૃત્તિ તથા યોગ્ય પ્રયુક્તિ અને વાતાવરણનું પ્રયોજન કરવામાં આવે તો આ બાળકો પોતાની શક્તિઓની ખીલવણી કરી શકે છે.

'પ્રોજેક્ટ સમાવેશન'ના માધ્યમથી દિવ્યાંગજન અધિકાર અધિનિયમ(RPwD Act)-2016માં દર્શાવેલ 21 પ્રકારની દિવ્યાંગતા ધરાવતા બાળકોની સૌ પ્રથમ ઓળખ, વર્ગખંડમાં CWSN માટે સમાવિષ્ટ વાતાવરણનું નિર્માણ, વિશેષ જરૂરિયાત ધરાવતા દિવ્યાંગ (CWSN) બાળકો માટે વધુ સારા શૈક્ષણિક પરિણામો સિદ્ધ કરવા, શાળાની પ્રણાલીઓને વધુ મજબુત બનાવવી તેમજ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP Act)-2020, દિવ્યાંગજન અધિકાર અધિનિયમ (RPwD Act)-2016 તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ(RTE act)-2012 ની જોગવાઈઓનું સુચારુરૂપ અમલીકરણ કરી શકાશે.

## પ્રોજેક્ટ સમાવેશનના તબક્કા:-

### તબક્કો-1 (Self-Paced Training Modules)

'પ્રોજેક્ટ સમાવેશન'ના અમલીકરણ માટે શ્રી ઓરોબિંદો સોસાયટી, ન્યુ દિલ્હી દ્વારા તૈયાર કરેલ અંદાજીત 30 થી 35 મિનિટનું એક મોડયુલ આમ કુલ 17 મોડયુલ સાથે કુલ 9 (નવ) કલાકની ઓનલાઈન તાલીમ શિક્ષકશ્રીએ પોતાની અનુકુળતા મુજબ પોતાના અનુકુળ સમયે (Self-Paced) મેળવવાની રહેશે.

**સરકારી અને અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરાવતા તમામ શિક્ષકશ્રીઓ, કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલય (KGBV) ના વોર્ડન, સ્પે. એજ્યુકેટર (IED-IEDSS)/સ્પે.ટીચર, બી.આર.સી.-સી.આર.સી.એ આ તાલીમ ફરજીયાત લેવાની રહેશે.**

દરેક મોડ્યુલના વિડીયો પુર્ણ થયા બાદ નિદર્શન કરેલ વિડીયો આધારિત પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. જે સફળતા પૂર્વક પૂર્ણ થયેથી ઓનલાઈન પ્રમાણપત્ર પ્રાપ્ત થશે.

### તબક્કો 2 (Screening)

જે તે ધોરણના શિક્ષકશ્રીએ એપ્લીકેશનમાં દર્શાવેલ વિવિધ પ્રશ્નોના આધારે શાળાના તમામ બાળકોની પ્રાથમિક તપાસ (Screening) કરવાની રહેશે.

આ વિધાર્થીઓનું તબક્કાવાર Screening-1, Profiler, Advance Screening દ્વારા દેખીતી રીતે ઓળખી ન શકાય તેવી એટલે કે Learning Disabilities, Intellectual Disabilities & ADHD, Autism Spectrum Disorder દિવ્યાંગતા ધરાવતા બાળકોની ઓળખ કરી શકાશે. જેથી તેમનું આગળનું શૈક્ષણિક આયોજન બનાવવામાં સરળતા રહેશે. જેમ કે..

વર્ગશિક્ષક વર્ગખંડના અવલોકનના આધારે દરેક વિધાર્થીને વિવિધ ક્ષેત્રોમાં આવતા પડકારો અથવા મર્યાદાઓને ઓળખી સ્ક્રીનીંગ ચેક્લીસ્ટ ભરશે જેના આધારે એક રીપોર્ટ તૈયાર થશે.

જે તે વિધાર્થીનું સ્ક્રીનીંગ-1 પૂર્ણ કર્યા પછી, વિધાર્થીઓની શક્તિઓ, ક્ષમતાઓ અને રસનું વિશ્લેષણ કરવા માટે તેમનું પ્રોફાઇલર ફોર્મ ભરવાનું રહેશે.

જો કોઈ વિધાર્થી "શંકાસ્પદ"(Doubtful) અથવા "ઉચ્ચ જોખમ"(High Risk) જણાય તો તેનું શૈક્ષણિક (Academic), વર્તણુક (Behavioural), જ્ઞાનત્મક (Cognitive), સામાજિક અને સંચાર(Social & Communication), માનસિક સુખાકારી (Psychological wellbeing) વગેરે મુદ્દા આધારે એડવાન્સ સ્ક્રીનીંગ કરવાનું રહેશે.

### તબક્કો 3 (Intervention Plan)

Advance Screening ની પ્રક્રિયા દરમિયાન વિશેષ જરૂરિયાત ધરાવતા વિધાર્થીઓની ઓળખ થયા પછી, તેઓને ફોલો-અપ કાર્યવાહી માટે 'પ્રોજેક્ટ સમાવેશન'ની એપ્લીકેશન દ્વારા હસ્તક્ષેપ પ્લાન (Intervention Plan) તૈયાર થશે. જેમ કે વધારાનો વાંચન સમય, કાર્યોને નાના પગલાંમાં વિભાજિત કરવા, વિઝ્યુઅલ એઇડ્સનો ઉપયોગ, હકારાત્મક મજબૂતીકરણ, પીઅર આધાર વગેરે...

શિક્ષકો નિયમિત વર્ગખંડના શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીની પ્રગતિને ટ્રેક કરવા માટે વિધાર્થીમાં આવતા બદલાવના અવલોકન દ્વારા 'પ્રોજેક્ટ સમાવેશન' એપ્લિકેશનમાં લેવલ માર્કિંગ કરી જે તે વિધાર્થીની

પ્રગતિ ચકાસી શકશે. જેમ કે કેટલાક વિધાર્થીઓમાં 15 દિવસની અંદર સુધારો જણાય છે, જ્યારે અન્યને 2-3 મહિના લાગે છે તો કેટલાક ખૂબ લાંબો સમય લાગી શકે છે. આમ દરેક નાનો સુધારો એ સફળતાની નિશાની છે. આ પ્રક્રિયા દરમિયાન મનોવૈજ્ઞાનિકો અને સ્પે. એજ્યુકેટર શિક્ષકોને સહાયરૂપ બને છે.

ઉક્ત પ્રક્રિયા દરમિયાન કોઈ પણ પ્રકારની મુશ્કેલી જણાય તો શાળાના શિક્ષક સ્પે.એજયુકેટરની મદદ મેળવી શકશે.

**સરકારી અને અનુદાનિત શાળાના શિક્ષકો**

1. પ્રથમ ફેઝ-1 માં 'પ્રોજેક્ટ સમાવેશન' એપ્લીકેશનમાં દર્શાવેલ મોડ્યુલ તેમજ વિડીયો આધારિત ઓનલાઈન તાલીમ મેળવવી.
2. ફેસ-1 પૂર્ણ થયા બાદ ફેઝ-2 માં સૂચવ્યા મુજબ શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોનું સ્ક્રિનિંગ કરવું.
3. એપ્લીકેશનમાં જે અભ્યાસક્રમ છે તેને બરાબર સમજી બાળકોનુ સ્ક્રિનિંગ યોગ્ય રીતે કરવું તેમજ આવેલ પરિણામ મુજબ જે તે બાળકની વ્યક્તિગત શિક્ષણ યોજના(IEP) તૈયાર કરી તે મુજબ વર્ગ વ્યવહારમાં શૈક્ષણિક કાર્યમાં તેનો ઉપયોગ કરી જુદી-જુદી પ્રવૃત્તિ યોજવી.

**બ્લોક રિસોર્સ કો.ઓર્ડીનેટર / ક્લસ્ટર રિસોર્સ કો.ઓર્ડીનેટર**

- જિલ્લા કક્ષાએથી મળેલ સૂચના અન્વયે પોતાના બ્લોકના તમામ શિક્ષકો તથા સ્પેશ્યલ એજયુકેટર/સ્પેશ્યલ ટીચર આ એપ્લીકેશન ડાઉનલોડ કરી ફેઝ-1 માં દર્શાવેલ મોડયુલ તેમજ વિડીયો આધારિત ઓનલાઈન તાલીમ મેળવે તે સુનિશ્ચિત કરવું.
- એપમાં અભ્યાસ બરાબર થાય છે તેમજ સ્ક્રીનીંગની પ્રક્રિયા યોગ્ય રીતે થાય તેનું સતત મોનીટરીંગ કરવું.
- આ એપનાં ઉપયોગ દરમિયાન કોઈ મુશ્કેલી જણાય તો જિલ્લા કચેરીને જાણ કરી તેનું નિરાકરણ લાવવું.

**સ્પે. એજયુકેટર (IED-IEDSS)/ સ્પે. ટીચર(IED)**

- પ્રથમ ફેઝ-1 માં 'પ્રોજેક્ટ સમાવેશન' એપ્લીકેશનમાં દર્શાવેલ મોડ્યુલ તેમજ વિડીયો આધારિત ઓનલાઈન તાલીમ મેળવવી.
- એપ્લીકેશનમાં દર્શાવેલ અભ્યાસક્રમ મુજબ દિવ્યાંગ બાળકોના સમાવેશનની પ્રક્રિયામાં શાળાના શિક્ષકોને મદદરુપ બનવું.
- એપ્લીકેશનના અભ્યાસ સામગ્રી મુજબ દિવ્યાંગ બાળકોનું સ્કીનિંગ કરવું.
- વિદ્યાર્થીનું સ્કીનિંગ થયા બાદ આવેલ પરિણામ મુજબ બાળકોની વ્યક્તિગત પ્રવૃત્તિ તૈયાર કરવી.
- શાળા મુલાકાત દરમિયાન વ્યક્તિગત શિક્ષણ યોજના(IEP) તૈયાર કરી તેના વર્ગ શિક્ષકને માહિતગાર કરવા.
- તમામ શિક્ષકો દ્વારા એપ ડાઉનલોડ કરી છે કે કેમ તે સુનિશ્ચિત કરવુ.
- એપ્લીકેશનના ઉપયોગ દરમિયાન કોઇ મુશ્કેલી જણાય તો તેની જાણ તાલુકા/જિલ્લા કચેરીને જાણ કરી નિરાકરણ લાવવું.

'પ્રોજેક્ટ સમાવેશન'(Project Inclusion)ના સુચારુ અમલીકરણ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા તેમજ સમયમર્યાદામાં ઉપરોક્ત ઓનલાઈન તાલીમ પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

**'પ્રોજેક્ટ સમાવેશન'ના અમલીકરણ માટે વિશેષ સુચના :-**

- જિલ્લાની સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષકોએ 'પ્રોજેક્ટ સમાવેશન' એપ્લીકેશનના માધ્યમથી શાળાના તમામ બાળકોનું સ્ક્રીનીગ કરવાનું રહેશે.
- 'પ્રોજેક્ટ સમાવેશન' માટેની એપ્લીકેશન ગુગલ પ્લેસ્ટોર પર Project Inclusion (https://play.google.com/store/apps/details?id=com.pi.ProjectInclusion) સર્ચ કરી ઇન્સ્ટોલ કરવાની રહેશે.
- પ્રોજેક્ટ સમાવેશન અમલીકરણ અંગે માર્ગદર્શિકા લીંક https://youtube.com/live/q8VnKhmvTxk?feature=share સામેલ રાખેલ છે.
- વેબ બાઉઝરમાં https://piapp.projectinclusion.in ના માધ્યમથી પણ એપ્લીકેશન ઇન્સ્ટોલ કરી શકાશે.
- શ્રી ઓરોબિંદો સોસાયટી દ્વારા 'પ્રોજેક્ટ સમાવેશન'ના અમલીકરણ માટે પડતી મુશ્કેલીઓના નિવારણ માટે ઓનલાઈન સેશન કરવામાં આવશે. આ લીંક ઉપર શિક્ષક રજાના દિવસો સિવાય જોડાઈને માર્ગદર્શન મેળવી શકશે.

Scan Project Inclusion App

**શ્રી ઓરોબિંદો સોસાયટીની સપોર્ટ સીસ્ટમની વિગત:-**

WhatsApp Support Number: 9355902926 (Monday to Friday 9:00 AM to 5:00 PM)

Daily Doubt: Clearing Session at 4:00 PM (excluding government holidays)

Doubt Clearing Session Link: https://bit.ly/_DoubtClearing (Android users)
https://bit.ly/PI_WEB_LINK (IOS users)

**જીલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર વ**
**જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**સમગ્ર શિક્ષા,બનાસકાંઠા**

**જીલ્લા શિક્ષણાધિકારી**
**બનાસકાંઠા,પાલનપુર**

**નકલ સવિનય રવાના જાણ થવા સારૂ.**

1. માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.
2. નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
3. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.

**નકલ રવાના પ્રોજેક્ટ સમાવેશન અંતર્ગત કામગીરી કરવા સારૂ.**

1. મદદનીશ જિલ્લા કો.ઓર્ડીનેટરશ્રી તમામ, સમગ્ર શિક્ષા, બનાસકાંઠા
2. બ્લોક એમ.આઈ.એસ તમામ, તા.તમામ, જિ. બનાસકાંઠા
3. બી.આર.પી એ.આર એન્ડ વી.ઈ એલિમેન્ટરી તમામ, તા.તમામ, જિ. બનાસકાંઠા
4. બી.આર.પી એ.આર એન્ડ વી.ઈ સેકન્ડરી તમામ, તા.તમામ, જિ. બનાસકાંઠા
5. બી.આર.પી નિપુણ તમામ, તા.તમામ, જિ. બનાસકાંઠા